ગાંધીનગર સમાચાર

પ્રથમવાર વાઈબ્રન્ટ સમિટમાં નોબેલ લોરેટ એક્ઝિબિશન યોજાશે

# ગાંધીનગર માટે ૯ જાન્યુઆરી ઐતહાસિક બનશે

**ગાંધીનગરમાં એક સાથે થ્રી સ્ટાર અને ફાઈવ સ્ટાર હોટલ સાથે રેલવેસ્ટેશન પી.પી.પી. મોડેલ પર રિ-ડેવલપ કરાશે : ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જનો આરંભ થશે : ગાંધીનગરમાં ગ્લોબલ ટ્રેડ ફેર પણ ખુલ્લો મુકાશે : ત્રણેય કાર્યક્રમમાં પ્રધાનમંત્રી હાજરી આપશે**

ગાંધીનગર, તા. ૧૭

નવમી જાન્યુઆરી-૨૦૧૭એ ગાંધીનગર માટે ઐતહાસિક સંભારણું બની રહેશે. આ દિવસે ગાંધીનગર રેલવે સ્ટેશન નજીક થ્રી સ્ટાર હોટલ અને ફાઈવ સ્ટાર હોટલના ખાતમુહૂર્ત સાથે રેલવે સ્ટેશનના રિડેવલપમેન્ટ પ્રોજેક્ટનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આરંભ કરાવશે.

આ પછી તેઓ ગિફ્ટ સિટી ખાતે બોમ્બે સ્ટોક એક્સચેન્જ માર્કેટ સંચાલિત આઈએફએસસીનો પણ પ્રારંભ કરાવશે. આ થતાં જ ગાંધીનગર અને ગિફટસિટી ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જમાં સ્થાન પામશે.

વડાપ્રધાનશ્રી મોદી આ જ દિવસે ગ્લોબલ ટ્રેડ શૉ પણ સેકટર-૧૭ના એકઝીબીશન સેન્ટર ખાતે ખુલ્લુ મુકશે. આમ એક જ દિવસમાં ત્રણ-ત્રણ કાર્યક્રમમાં દેશના વડાપ્રધાન મોદી હાજરી આપશે જે પહેલીવાર થશે એટલું જ નહિ ઈન્ટરનેશનલ સ્ટોક એક્સચેન્જમાં ગાંધીનગરનો પ્રવેશ થશે.

રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંઘે આજે અમદાવાદ ખાતે વાઈબ્રન્ટ-૨૦૧૭ના આયોજનની વિગતો આપવા બોલાવેલી પત્રકાર પરિષદમાં આ માહિતી આપી હતી.

તેમણે જણાવ્યુ હતુ કે રેલવે મંત્રાલય અને ગુજરાત સરકાર દ્વારા સંયુક્ત રીતે રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે ફાઈવ સ્ટાર અને થ્રી સ્ટાર હોટલ મહાત્મા મંદિર કન્વેશન સેન્ટર સાથે લીંક અપ હશે.

ત્રણસો જેટલા રૂમોની સુવિધા ધરાવતી આ હોટલો આધુનિક હશે. તેમણે એમ પણ કહ્યુ હતુ કે રેલવે સ્ટેશન રિડેવલપમેન્ટમાં બીજી બાબતો પણ સમાવેશ કરાઈ છે. પીપીપી મોડેલ પર હાથ ધરાનાર આ પ્રોજેક્ટ માટે રાજય સરકારે ચાલુ વર્ષના બજેટમાં રૂ. ૩૦૦ કરોડની જોગવાઈ કરેલી જ છે, જે ઉલ્લેખનીય છે.

ગાંધીનગર શહેરના વિકાસને નવી દિશા મળશે. આ પત્રકાર પરિષદમાં ઉપસ્થિત અગ્ર સચિવ પી.કે. તનેજાએ જણાવ્યું હતુ કે ૮મી

● અનુસંધાન પાન-૭ પર

## મોદી ૯ અને ૧૦ જાન્યુઆરી ગાંધીનગર ખાતે રોકાશે

ગાંધીનગર, તા. ૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯ અને ૧૦ જાન્યુઆરીના રોજ ગાંધીનગર આવી રહ્યા છે. તેમનો વિગતવાર કાર્યક્રમને આખરી ઓપ આપવામાં આવી રહ્યો હોવાનું અગ્ર સચિવ પી.કે. તનેજાએ જણાવ્યુ હતુ.



## વાયબ્રન્ટ સમીટનું ૧૦મીએ ઉદ્‌ઘાટન કરશે

ગાંધીનગર ખાતે ૮મી વાયબ્રન્ટ સમીટ અને બીજા કાર્યક્રમોમાં તેઓ હાજરી આપનાર છે. ગાંધીનગરમાં ૯મી જાન્યુઆરીના રોજ બપોરે તેઓ આવી પહોંચશે. આ પછી તેઓ ગાંધીનગરના ત્રણ અને એક અમદાવાદ ખાતેના કાર્યક્રમમાં હાજરી આપશે.

વાયબ્રન્ટ સમીટનું ઉદ્‌ઘાટન ૧૦મીએ થશે. બપોરે ૩ વાગ્યાની આસપાસ આ ઉદ્‌ઘાટન સમારોહ યોજાશે. એ પૂર્વે વનટુવન બીટુજીની બેઠકો યોજાશે. રાત્રે વિશ્વના ૨૫ જેટલા ટોપ સીઈઓ સાથે રાઉન્ડ ટેબલ બેઠક યોજાશે. જેમાં પ્રધાનમંત્રી હાજરી આપશે. આ પછી તેઓ દિલ્હી જવા રવાના થશે.

વાયબ્રન્ટ સમીટમાં જીએસટીને લઈ પણ એક વિશેષ સેમિનાર યોજાશે. જેમાં નાણામંત્રી અરૂણ જેટલી હાજર રહેશે. રાષ્ટ્રીય સ્તરનો આ સેમિનાર હોવાથી તે મહાત્મા મંદિરના મેઈન હોલમાં યોજાશે.

નોટબંધીની કોઈ અસર વાયબ્રન્ટ સમીટ પર જોવા નહિ મળે તેમ રાજયના મુખ્ય સચિવ જે.એન. સિંહે પત્રકારોના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુંહતુ. તેમણે કહ્યું કે ટુંકાગાળાના રોકાણ માટે નહિ પણ લાંબાગાળાના રોકાણ સાથે અહિ રોકાણકારો આવતા હોય છે એ વાત ધ્યાને રાખવી જોઈએ.





ગીતા જ્ઞાનયજ્ઞ - સમદર્શન આશ્રમ અને ઉમિયા માતાજી સંસ્થાનના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ ગીતા જ્ઞાનયજ્ઞનો શુભારંભ મહામહિમ રાજ્યપાલશ્રી અને પૂજ્ય ગુરૂમાએ દીપ પ્રગટાવી કર્યો હતો... સેક્ટર-૧૨, ઉમિયા માતા સમાજ ભવન ખાતે ૨૪ ડિસેમ્બર સુધી દરરોજ સાંજે ૬.૩૦થી ૮.૦૦ દરમિયાન પૂજ્ય ગુરૂમા શ્રીમદ્‌ ભગવત ગીતાનાના અધ્યાય-૩ 'કર્મયોગ' પર વ્યાખ્યાન આપશે... શુભારંભ સત્રમાં શહેરના અધિકારીઓ-પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા....

## પ્રથમવાર વાઈબ્રન્ટ સમિટમાં નોબેલ લોરેટ એક્ઝિબિશન યોજાશે

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર ખાતે જાન્યુઆરીમાં યોજાનારા વાયબ્રન્ટ સમિટ દરમ્યાન પ્રથમ વખત પાંચ અઠવાડિયાનું લાંબુ નોબલ લોરેટ એક્ઝિબિશન યોજાશે. જેમાં પેનલ ચર્ચા મારફતે સહભાગીઓને વિજ્ઞાન પર આ વૈશ્વિક બૌદ્ધિકો સામે ચર્ચા કરવાની વિશેષ તક મળશે.

આગામી જાન્યુઆરીમાં યોજાનારી વાઈબ્રન્ટ સમિટ અંગેની વિગતો એક પત્રકાર પરિષદમાં આપતાં રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘે જણાવ્યું હતું કે વાયબ્રન્ટ સમિટની ૮મી એડીશન મોટી ભવ્ય હશે તેમજ આ સમિટ દેશમાં સૌથી વધુ લોકપ્રિય સમિટ તરીકે સ્થાન જાળવી રાખ્યુ છે. નોબલ લોરેટ એક્ઝિબિશન ઉપરાંત મેક ઈન ઈન્ડિયાના એક્ષટેન્શન સ્વરૂપે મેક ઈન ગુજરાત સેમિનારનું પણ આયોજન કરાયું છે અને તમારી પોતાની નીતિ બનાવો પર એક્શન સેમિનારનું આયોજન કરવામાં આવનાર છે.

નોબલ પારિતોષિક વિજેતાઓ સાથે પ્રથમ પ્રકારનું જોડાણ નોબેલ લોરેટ એક્ઝિબિશનમાં જોવા મળશે. જેનું ઉદ્‌ઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૯મી જાન્યુઆરી-૨૦૧૭ના રોજ કરશે. આ એક્ઝિબિશન સાયન્સ સિટીમાં પાંચ અઠવાડિયા સુધી ચાલુ રહેશે. મહાત્મા મંદિર ખાતે નોબેલ પારિતોષિક વિજેતાઓને બે જુથમાં વિભાજીત થઈને બેઝિક ઓર એપ્લાઈડ રિસર્ચ ફોસ્ટરિંગ એન ઈન્નોવેટિવ એન્વાયરમેન્ટ અને લોકલ રિસર્ચ ગ્લોબલ ઈમ્પેક એડ્રેસિંગ ગ્લોબલ ચેલેન્જીસ પર પેલન ચર્ચા કરશે.

તેમણે જણાવ્યુ હતુ કે વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ ૧૦ થી ૧૩ જાન્યુઆરી ૨૦૧૭ વચ્ચે યોજાશે. જેનું ઉદ્‌ઘાટન ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. જેઓ ગ્લોબલ ટ્રેડ શો નોબેલ લોરેટ એક્ઝિબિસનનું ઉદ્‌ઘાટન પણ કરશે. ગ્લોબલ સીઈઓ રાઉન્ડ ટેબલની અધ્યક્ષતા પણ સંભાળે. સમિટ રાજ્યો અને સરકારોના વડાઓ મંત્રીઓ કોર્પોરેટ અગ્રણીઓ વરિષ્ઠ નીતિ નિર્માતાઓ તથા સમગ્ર વિશ્વની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને એકેડેમિયાના આગેવાનો જોડાણ સંકલન અને જ્ઞાનની વહેંચણી મારફતે સ્થાયી વિકાસને આગળ ધપાવશે.

● અનુસંધાન પાન-૭ પર

## કલ્ચરલ ફોરમના નવદીક્ષિત કલાકારો દ્વારા ૧૯મીએ 'અભિવ્યક્તિ' કાર્યક્રમ

**કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગ, મ્યુઝિક, ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગ તથા ડાન્સના કલાકારોને ટાઉનહૉલ ખાતે યોજાનારા ભવ્ય કાર્યક્રમમાં પ્રમાણપત્ર એનાયત કરાશે**

ગાંધીનગર, તા.૧૭

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા સંચાલિત કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગ, મ્યુઝિક, ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગ તથા ડાન્સની ત્રીજી બેચના સમાપન પ્રસંગે તારીખ ૧૯મી ડિસેમ્બર ને સોમવારના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ટાઉનહૉલ ગાંધીનગર ખાતે નવદીક્ષિત કલાકારો દ્વારા 'અભિવ્યક્તિ' કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે નવદીક્ષિત કલાકારોને પ્રમાણપત્રો એનાયત કરાશે.

સૂરબધ્ધ, તાલ-લયબધ્ધ તથા સુરેખ સમાજના નિર્માણ માટે પ્રયત્નશીલ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ગાંધીનગરના બાળકો, યુવાનો તથા તમામ વયજૂથની વ્યક્તિઓમાં સર્જનાત્મકતા કેળવવા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરે છે. કલ્ચરલ સ્કૂલ ઑફ ડ્રૉઈંગ એન્ડ પેઈન્ટિંગના વિદ્યાર્થી કલાકારોએ ૬ મહિનાના અભ્યાસક્રમ દરમિયાન તૈયાર કરેલા ૧૫૦ જેટલા ચિત્રોનું ભવ્ય પ્રદર્શન પણ ટાઉનહૉલના ફૉયરમાં યોજાશે.

ગાંધીનગર કલ્ચરલ ફોરમની ચાર સ્કૂલો દ્વારા ૬ મહિનાના સર્ટીફિકેટ કાર્સનું આયોજન કરાઈ રહ્યું છે. જુલાઈ-૨૦૧૬ થી શરૂ થયેલી વિવિધ કલ્ચરલ સ્કૂલના વિદ્યાર્થી કલાકારો દ્વારા 'અભિવ્યક્તિ' કાર્યક્રમ અંતર્ગત વિવિધ પ્રકારની પ્રસ્તુતિ કરાશે. કલ્ચરલ સ્કૂલ ઑફ એક્ટિંગના વિદ્યાર્થી કલાકારો દ્વારા એક એકાંકી નાટક અને સ્કીટ પ્રસ્તુત કરાશે.

ગાંધીનગરના નૃત્યકલા, અભિનય તથા ચિત્રકલામાં રસ ધરાવતા કલારસિકોને 'અભિવ્યક્તિ'ના આ અવસરે પધારવા ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ માટેના પાસ ગાંધીનગર કલ્ચરલ ફોરમના કાર્યાલય-ગાંધીનગર સમાચારના કાર્યાલય, સેક્ટર-૮ ગાંધીનગર ખાતેથી મેળવી લેવા એક યાદીમાં જણાવાયું છે.

## સ્વર્ણિમ પાર્કમાં રંગરોગાન અને વોક-વેનુ કામ હાથ ધરાયુ

ગાંધીનગર તા ૧૭

સ્વર્ણિમ પાર્કમાં સ્થિત યુટીલીટી મકાનો તેમજ ચેઈન લીંકને રંગરોગાન કરવામાં આવી રહયુ છે. આ ઉપરાંત વોક વેનુ પણ રીપેરીંગ હાથ ધરવામાં આવ્યુ છે. નગરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્કને નિખારવા માટે તંત્રની ટીમ કામે લાગી છે. વાઈબ્રન્ટ વેળાએ સ્વર્ણિમ પાર્કને પણ રોશનીથી શણગારવામાં આવે છે.



નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત સ્વર્ણિમ પાર્ક સહેલાણીઓમાં આકર્ષણનુ કેન્દ્ર સ્થાન બન્યો છે. સાંજ ઢળતા જ ગરમીના દિવસોમાં પાર્કમાં નગરજનોની ભીડ જામે છે. સ્વર્ણિમ પાર્કની જાળવણી માટે એજન્સીને જવાબાદારી સોંપવામાં આવી છે. કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા સ્વર્ણિમ પાર્કની હરિયાળી બરકરાર રાખવા માટે પણ સરગાસણના શુધ્ધિકરણ પ્લાન્ટમાંથી પાણી સપ્લાય કરવામાં આવે છે. સ્વર્ણિમ પાર્કના રૂટમાં સફાઈ સુશોભનની કામગીરી પણ યાગય રીતે થાય તેનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવે છે. વાઈબ્રન્ટ સમિટ દરમિયાન નગરજનો માટે સ્વર્ણિમ પાર્ક વિશેષ આકર્ષણનુ કેન્દ્ર બને છે. પાર્કને રોશનીથી શણગારવામાં આવે છે. આગામી વાઈબ્રન્ટ સમિટને ધ્યાને લઈ તંત્ર દ્વારા પાર્કમાં જરૂરી સફાઈ તેમજ રંગરોગાનનુ કામ શરૂ કરી દેવાયુ છે. પાર્ક આસપાસ સ્થિત ફુટપાથનુ પણ રીપેરીંગ શરૂ કરી દેવાયુ છે. સ્વર્ણિમ પાર્કમાં સ્થિત યુટીલીટી બિલ્ડીંગને પણ કલર કરવામાં આવી રહયો છે. પાર્કમાં વધારાના ઘાસનુ પણ ટ્રીમીંગ કરવામાં આવશે. આ ઉપરાંત ચેઈન લીંક અને ગ્રીલને પણ કલર કામ કરવામાં આવી રહયુ છે. સ્વર્ણિમ પાર્કમાં રંગરોગાન અને સમારકામની કામગીરી પાછળ લાખો રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે. પાર્કમાં સહેલાણીઓ માટે વોટર શો પણ તૈયાર કરવામાં આવ્યો છે. જો કે કસરતના સાધનો તુટેલી હાલતમાં હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.


ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in




શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એક્સચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT

તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેઝીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500® TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com